| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |

અપીલ અરજી નં. ડી/૬૧૭, તા.૨૪/૦૪/૧૪

**અરજદાર** – શ્રી સંદિપભાઈ ધીરૂભાઈ કાસોદરીયા

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંદિપભાઈ ધીરૂભાઈ કાસોદરીયાની અરજી (આઈ.ડી. નં. ૬૫૪, તા.૨૫/૦૩/૧૪) થી અમો અરજદારે –

**<u>મુદ્દા નં. ૧૨</u>** – સુરત મહાનગરપાલિકાના બેજવાબદાર અને ફરજ પ્રત્યે ઈરાદાપુર્વક દુર્લક્ષ સેવતા અધિકારીઓ (જે તે સમયના), મહાનગરપાલિકાના ચુંટાયેલા અને કહેવાતા નગરસેવકો જેને SMC માં વિવિધ કરવેરારૂપે પરસેવાની કમાણીમાંથી વેરા ભરતા સુરત શહેરના નાગરિકોના જાહેર નાણાંમાંથી ધરખમ પગારો સહિતના અન્ય લાભો આપવામાં આવે છે. તેઓ તથા લાગવગ ધરાવતા માથાભારે બિલ્ડરો અને પ્રયોજકો તથા તેઓના એજન્ટોના ગુનાહિત મેળાપીપણામાં BPMC એકટની વિરૂધ્ધની અને જાહેર જનતાના હિત વિરૂધ્ધની કાર્યવાહી થયેલ હોય તેવા સંજોગોમાં નાગરિકો ધ્વારા કરાયેલ ફરિયાદો તથા એવી વિગતો સંદર્ભે અત્રેના સ્થાનિક સમાચારપત્રોમાં પ્રસિધ્ધ થયેલ સમાચારો અન્વયે SMC ના વિજીલન્સ ડિપાર્ટમેન્ટે તા.૦૧/૦૧/૨૦૦૦ થી આ અરજી સંદર્ભે, અધિનિયમ અન્વયે માહિતી આપવામાં આવે ત્યા સુધીમાં જે કાર્યવાહી કરવામાં/કરાવવામાં આવેલ હોય તે અંગેની માહિતી નીચેની વિગતે આપશો.

**<u>મુદ્દા નં. ૧૩</u>** – ઉપરોકત મુદ્દા નં.૧૧ માં દર્શાવ્યા સિવાય, વિજીલન્સ ડિપાર્ટમેન્ટે પોતાની કાયદાકીય ફરજ પ્રમાણિકતા અને નિષ્ઠાપૂર્વક બજાવી સુઓમોટો કોહ ના તમામ વિભાગો સંબંધિત કરેલી તપાસ જેમાં ગેરકાયદેસર બાંધકામ, ગેરકાયદેસર નળ જોડાણ, ગેરકાયદેસર ગટર જોડાણ, તમામ વિભાગો સંબંધિત નાણાંકીય ગેરરીતિઓ, કર્મચારી અને અધિકારીઓ વિરૂધ્ધ તા.૦૧/૦૧/૨૦૦૦ થી તા.૨૫/૦૩/૨૦૧૪ સુધી કરેલ તપાસ કાર્યવાહી અને તે અંગે આખરી નિકાલ સુધીની કાર્યવાહી અંગેની દસ્તાવેજી માહિતી. સદર ઉપરોકત મુદ્દા નં.૧૧ અને ૧૨ માં SMC ના સેન્ટ્રલ ઝોનમાં થયેલ કથિત ૫૩ ગેરકાયદેસરની મિલ્કતો સબબ દિવસો સુધી વર્તમાનપત્રોમાં સમાચારરૂપે પ્રસિધ્ધ થયેલ સમાચારો સબબ કરેલી/કરાવેલી કાર્યવાહીનો સમાવેશ થયેલો હોવો જોઈએ.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ડી/૬૧૭, તા.૨૪/૦૪/૧૪

આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંદિપભાઈ ધીરૂભાઈ કાસોદરીયાની અરજી (આઈ.ડી. નં. ૬૫૪, તા.૨૫/૦૩/૧૪) થી અમો અરજદારે જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર (ટેક.) ધ્વારા તા.૨૧/૪/૧૪ ના રોજ લખાયેલ કહેવાતી માહિતી આપતા પત્રો વંચાણે લેતા,

જણાય છે કે તેઓએ અમોને માંગ્યા મુજબની માહિતી ન આપી માહિતી મેળવવાનાં અમારા બંધારણીય અધિકારમાં અવરોધ ઉત્પન્ન કરી અધિનિયમનો સ્પષ્ટ ભંગ કરેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી ધ્વારા અધિનિયમની જોગવાઈઓ નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન કરવામાં આવેલ છે. તેથી અધિનિયમની કલમ–૧૯ ની પેટાકલમ–(૬) થી નિર્દિષ્ટ કરાયેલી સમયમર્યાદામાં સદર આ બાબતે અધિનિયમની કલમ–૨૦ ની પેટાકલમ–(૧) અન્વયે જાહેર માહિતી અધિકારીઓ વિરૂધ્ધ પગલાં લેવાં અમારી રજુઆત છે તથા તે અંગે ખાતાકીય રાહે પણ તેઓની વિરૂધ્ધ પગલાં લેવાં અમારી રજુઆત છે. તથા સદર બાબતે વિષયનાં સંદર્ભ અન્વયે આપનાં તરફથી પ્રથમ અપીલ સત્તાધીકારી તરીકે જે કોઈ નિર્ણય અધિનિયમ અન્વયે લેવાય તેમાં સદર ઉપરોકત બાબતો અંગે અધિનિયમની જોગવાઈઓના પ્રકાશમાં આપના તરફથી લેવાયેલાં પગલાં સબબનો ઉલલેખ અચુક કરવો અને સદર બાબતની જાણ અમોને અધિનિયમ અન્વયે કરવી.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૩૩૧, તા.૭/૦૫/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગને અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી સંદિપભાઈ ધીરૂભાઈ કાસોદરીયા, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૨૫/૦૩/૧૪, આઈ.ડી. નં. ૬૫૪ ની અરજી અત્રેના વિભાગને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં. સી/૧૭, તા.૨/૪/૧૪ ના રોજ મળેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૬૫૪ માં જણાવેલ વિગતે અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ખાતાના લાગત મુદ્દા અંગે અરજદારને પત્ર નં. વીઆઈડી/૨૦૩, તા.૨૧/૦૪/૧૪ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૨૫/૦૩/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી ન મળવાના કારણે અપીલ અરજી કરેલ છે.

નમૂના–'ક' અરજીમાં અરજદારે જાહેર જનતાના હિત વિરૂધ્ધની કાર્યવાહી થયેલ હોય, તેવા સંજોગોમાં નાગરીકો ધ્વારા કરાયેલ ફરીયાદો તથા સ્થાનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થયેલ સમાચાર અન્વયે સુરત મહાનગરપાલિકાના વીજીલન્સ વિભાગે તા.૧/૧/૨૦૦૦ થી આ અરજી સંદર્ભે અધિનિયમ અન્વયે માહિતી આપવામાં આવે ત્યાં સુધીમાં જે કાર્યવાહી કરવામાં/કરાવવામાં આવેલ હોય, તે અંગેની માહિતી અરજદારશ્રીએ રજુ કરેલ નમૂના મુજબ માહિતી આપવા જણાવેલ. અરજદારે જણાવેલ વિગતે અંદાજિત ૧૩ વર્ષ સુધીની માહિતીની માંગણી કરેલ અને તે પણ તેમના જણાવ્યા મુજબના નમૂનામાં આપવા જણાવેલ. અરજીમાં જણાવેલ વિગતે તેઓશ્રીના જણાવ્યા મુજબની માહિતી આપવી મુશ્કેલ હોય અને તેઓશ્રીના જણાવ્યા મુજબ માહિતી આપવામાં આવે તો જાહેર સત્તામંડળના સાધનોનો અપ્રમાણસર વ્યય થતો હોય, તેઓશ્રીને ખાતાના ઉપલબ્ધ રેકર્ડના આધારે આંકડાકીય માહિતી પત્ર નં. વીઆઈડી/૨૦૩, તા.૨૧/૪/૧૪ થી પૂરી પાડવામાં આવેલ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫/૦૩/૧૪ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી અંદાજિત ૧૩ વર્ષ સુધીની માહિતીની માંગણી કરેલ અને તે પણ તેમણે જણાવ્યા મુજબના નમૂનામાં આપવા જણાવેલ છે. અરજીમાં જણાવેલ વિગત અંગેની તપાસ કરતાં ખાતાના ઉપલબ્ધ રેકર્ડના આધારે આંકડાકીય માહિતી પત્ર નં. વીઆઈડી/૨૦૩, તા.૨૧/૪/૧૪ થી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાયેલ છે. સદર માહિતીથી અરજદારને અસંતોષ છે. જેથી ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારશ્રીને દિન–૦૭ માં આર.ટી.આઈ. એકટ કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ને જણાવવામાં આવે છે.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૦૫–૨૦૧૪**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |

અપીલ અરજી નં. ૨૭, તા.૩/૦૫/૧૪

**અરજદાર** – શ્રી હેમંત એન. દેસાઈ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની અરજી (આઈ.ડી. નં. ૨૩૦૪, તા.૩૧/૦૧/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં મુદ્દા નં. ૧ માં તા.૨૮/૩/૧૩, તા.૩/૯/૧૩ ના રોજ જે વિગતવાર અરજી કરવામાં આવેલ તે અરજીના અનુસંધાનમાં સંબંધિત વિભાગોના અધિકારીએ તેમના કર્મચારીને જે તપાસ સોંપવામાં આવેલ તે તપાસ કરતાં કર્મચારીઓએ સ્થળ તપાસ કરી જે રીપોર્ટ તૈયાર કરી સંબંધિત વિભાગોના અધિકારીઓને સોંપવામાં આવેલ છે. તે તમામ રીપોર્ટની સહી સિકકાવાળી નકલ ફાળવી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ૨૭, તા.૩/૦૫/૧૪

આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની અરજી (આઈ.ડી. નં. ૨૩૦૪, તા.૩૧/૦૧/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં મુદ્દા નં. ૧ માં તા.૨૮/૩/૧૩, તા.૩/૯/૧૩ ના રોજ જે વિગતવાર અરજી કરવામાં આવેલ તે અરજીના અનુસંધાનમાં સંબંધિત વિભાગોના અધિકારીએ તેમના કર્મચારીને જે તપાસ સોંપવામાં આવેલ તે તપાસ કરતાં કર્મચારીઓએ સ્થળ તપાસ કરી જે રીપોર્ટ તૈયાર કરી સંબંધિત વિભાગોના અધિકારીઓને સોંપવામાં આવેલ છે. તે તમામ રીપોર્ટની સહી સિકકાવાળી નકલ ફાળવી માહિતી આપવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૪૩૦, તા.૧૫/૫/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. અરજદારે વીજીલન્સ વિભાગના ઈનવર્ડ નં. એપી/૨૨૮, તા.૨૦/૫/૧૪ થી પ્રથમ અપીલ કરવામાં આવેલ. જેમાં અપીલના મુદ્દા નં. ૩ ધ્યાનમાં લઈ માહિતી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી હેમંત એન. દેસાઈ, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૩૧/૦૧/૧૪, આઈ.ડી. નં. ૨૩૦૪ ની અરજી અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૨૩૦૪ માં જણાવેલ વિગતે અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ખાતાના લાગત મુદ્દા અંગે થયેલ માહિતી મેળવવા અરજદારને પત્ર નં. વીઆઈડી/૩૩૦૩, તા.૨૦/૦૨/૧૪ થી જાણ કરવામાં આવેલ.

અરજદાર ધ્વારા નકલ ચાર્જના નાણાં રૂ.૪/– રસીદ નં. ૨૦૪૪૩૯, તા.૨૬/૨/૧૪ થી જમા કરાવતાં માહિતીના પાના નંગ–૨ અરજદારને તા.૨૮/૨/૧૪ થી આપવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૩૧/૦૧/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી પૂરી પાડેલ નથી તેમ જણાવી અપીલ અરજી કરેલ છે. અરજદારે માંગેલ માહિતી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતીની નકલ પત્ર નં. વીઆઈડી/૩૪૦૫, તા.૨૮/૦૨/૧૪ ની સમયમર્યાદામાં ટપાલ ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે પ્રથમ અપીલ તા.૩/૫/૧૪ ના રોજ કરેલ છે. એટલે કે જવાબ મળ્યાનાં દિન–૬૩ બાદ પ્રથમ અપીલ કરેલ છે. આપેલ નિર્ણયથી નારાજ હોય તો માહિતી મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર અપીલ સત્તાધીકારીને અપીલ કરવાની હોવા છતાં સમયમર્યાદા બાદ અપીલ કરેલ છે. અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧/૦૧/૧૪ ના રોજની નમૂના–ક અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે ખાતાને લાગત આંશીક માહિતી અંગે ઉપલબ્ધ રેકર્ડ મુજબ જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ધ્વારા અરજદારશ્રીને આપવા જોગ માહિતી સમયમર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોય, અપીલ તબકકે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. વધુમાં અરજદારશ્રીને અગાઉ માહિતી પૂરી પાડયા બાદ કરવામાં આવેલ કાર્યવાહીની નકલ અરજદારશ્રીને આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર (ટેક.) ને જણાવવામાં આવેલ છે.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૦૬–૨૦૧૪**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |

અપીલ અરજી નં. ૩૦૯, તા.૧૬/૦૫/૧૪

**અરજદાર** – શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની અરજી (આઈ.ડી. નં. ૭૫, તા.૧૯/૦૪/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં મુદ્દા નં. ૧ થી ૨૨ અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સુરત મહાનગરપાલિકાના ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા (કર્મ.નં. ૩૩૧૦૫) વિરૂધ્ધ શ્રી રાજેશ જયંતિભાઈ પટેલ ધ્વારા કરવામાં આવેલ અરજી તેમજ તે અંગે થયેલ કાર્યવાહી અંગેની માહિતીની નકલો આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ૩૦૯, તા.૧૬/૦૫/૧૪

આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની અરજી (આઈ.ડી. નં. ૭૫, તા.૧૯/૦૪/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં મુદ્દા નં. ૧ થી ૨૨ અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સુરત મહાનગરપાલિકાના ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા (કર્મ.નં. ૩૩૧૦૫) વિરૂધ્ધ શ્રી રાજેશ જયંતિભાઈ પટેલ ધ્વારા કરવામાં આવેલ અરજી તેમજ તે અંગે થયેલ કાર્યવાહી અંગેની માહિતીની નકલો આપવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૫૪૬, તા.૨૬/૫/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. અરજદારે વીજીલન્સ વિભાગના ઈનવર્ડ નં. એપી/૨૭૫, તા.૨૯/૫/૧૪ થી પ્રથમ અપીલ તબકકે કરેલ રજુઆત સંદર્ભે પુરાવાઓ સુરત મહાનગરપાલિકાની કચેરીમાં હોય, અસલ રેકર્ડ મંગાવી કાર્યવાહી હાથ ધરવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ, રહે.૧૦/૧૧/૧૨ ઉમીયા આશિષ સોસાયાટી, ઉગતરોડ, રાંદેર, સુરત તરફથી આર.ટી.આઈ.એકટ હેઠળ તા.૧૯–૦૪–૨૦૧૪, આઈ.ડી. નં.૭૫ ની અરજી અત્રેના વિભાગને પર્સોનેલ ઓફીસર અને જાહેર માહિતી અધિકારીશ્રી(વેસ્ટ ઝોન) તરફથી નમુનો–'ઘ' (નિયમ–૪(૨)) મુજબ તા.૨૪/૦૪/૨૦૧૪ ના રોજ તબદીલ કરવામાં આવી છે. સદર અરજીના મુદ્દા નં. ૧ થી ૨૨ અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સુરત મહાનગરપાલિકાના ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા (કર્મ નં. ૩૩૧૦૫) વિરૂધ્ધ શ્રી રાજેષ જયંતિભાઈ પટેલ ધ્વારા કરવામાં આવેલ અરજી તેમજ

તે અંગે થયેલ કાર્યવાહી અંગેની માહિતી માંગવામાં આવેલ છે. જે સંદર્ભે આક્ષેપિત કર્મચારી શ્રી ભાગ્યેશકુમાર પી.ઘીવાળા ધ્વારા કમિશ્નરશ્રીને ઉદ્દેશીને તા.૦૫/૦૫/૧૪ ના રોજ અરજી કરવામાં આવી છે. જે અત્રેના વિભાગને તા.૦૬/૦૫/૧૪ ના રોજ મળેલ છે. તેમજ અત્રેના વિભાગના ઈનવર્ડ નં. એપી/૧૬૪, થી તા.૦૬/૦૫/૧૪ ના રોજ નોંધાયેલ છે. ઉકત અરજીથી આક્ષેપિત કર્મચારી ધ્વારા જણાવેલ છે કે અરજદાર શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ ધ્વારા વેસ્ટ ઝોન આઈ.ડી નં.૭૫, તા.૧૯/૦૪/૧૪ થી માંગવામાં આવેલ માહિતી તેઓના બ્લેક મેઈલીંગ માટે જ માંગવામાં આવેલ છે, અને તેઓના ધ્વારા ફેમીલી કોર્ટમાં અરજદારની તેમજ તેમના ફેમીલી વિરૂધ્ધ દાવા નં. ૨૭૯/૨૦૦૮ તેમજ ફોજદારી કેસ અલગથી કરવામાં આવેલ હોવાથી સુરત મહાનગરપાલિકામાં સદર આર.ટી.આઈ કરી માહિતી મેળવી કેસ પાછો ખેંચાવવા માટે દબાણ કરવાનો આશય છે તેમ જણાવે છે અને અરજદાર ત્રાહિત વ્યકિત હોવાથી ઉકત માહિતી આપવા અસંમતિ દર્શાવેલ છે.

આક્ષેપિત કર્મચારીની ઉકત અરજી અનુસંધાને જાહેર માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ ની કલમ–૧૧(૧) માં જણાવ્યા મુજબ જયારે કોઈ વ્યકિત ધ્વારા કોઈ ત્રાહિત પક્ષકારને લગતી માહિતી માંગવામાં આવી હોય ત્યારે જાહેર માહિતી અધિકારીએ આવી માહિતી આપવા માટે ત્રાહિત પક્ષકારની રજુઆત ધ્યાનમાં લીધા બાદ જ માહિતી આપવા અંગે નિર્ણય કરવાનો રહે છે. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત કલમની જોગવાઈઓ સંદર્ભે આક્ષેપિત કર્મચારીની લેખિત રજુઆત ધ્યાને લઈ માહિતી આપવા ઈન્કાર કરેલ છે.

આમ, ઉપરોકત બાબતે કાયદાની જોગવાઈઓની મર્યાદામાં રહીને જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવી છે. જે ધ્યાને લેતા અરજદારની અરજીમાં જણાવ્યાનુસાર અત્રેના ક્રમાંક : વીઆઈડી/૪૪૫, તા.૧૫/૦૫/૧૪ ના મળેલ નિર્ણયથી નારાજ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જે જાણમાં લેવા વિનંતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯/૦૪/૧૪ ના રોજની નમૂના–ક અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે ખાતાને લાગત આંશીક માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર ધ્વારા કાયદાની જોગવાઈઓની મર્યાદામાં રહીને નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોય, અપીલ તબકકે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૦૬–૨૦૧૪**

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |
|---|---|---|

અપીલ અરજી નં. એપી/૩૭૨, તા.૧૬/૦૬/૧૪

**અરજદાર** – શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની અરજી (આઈ.ડી. નં. ૫૮, તા.૯/૦૫/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં તા.૫/૫/૧૪ ના સોમવારના દિવસે પ્રસિધ્ધ થયેલ સાપ્તાહીક ન્યુઝ પેપર જનશકિત ગુજરાતના પેજ નં. ૪ ઉપર પ્રસિધ્ધ થયેલ સમાચારોની વિગત સાચી છે કે ખોટી તેની વિગતવાર લેખિત માહિતી આપવી. જો આ ન્યુઝ પેપરની વિગત સાચી હોય તો આ અધિકારીઓ વિરૂધ્ધ શું શું કાર્યવાહી થયેલ છે અને જો ન્યુઝ પેપરના સમાચાર ખોટા હોય તો પેપર ઉપર કોઈ કાર્યવાહી કરેલ છે કે નહી તેની વિગતવાર લેખિત માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. એપી/૩૭૨, તા.૧૬/૦૬/૧૪

આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની અરજી (આઈ.ડી. નં. ૫૮, તા.૯/૦૫/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં તા.૫/૫/૧૪ ના સોમવારના દિવસે પ્રસિધ્ધ થયેલ સાપ્તાહીક ન્યુઝ પેપર જનશકિત ગુજરાતના પેજ નં. ૪ ઉપર પ્રસિધ્ધ થયેલ સમાચારોની વિગત સાચી છે કે ખોટી તેની વિગતવાર લેખિત માહિતી આપવી. જો આ ન્યુઝ પેપરની વિગત સાચી હોય તો આ અધિકારીઓ વિરૂધ્ધ શું શું કાર્યવાહી થયેલ છે અને જો ન્યુઝ પેપરના સમાચાર ખોટા હોય તો પેપર ઉપર કોઈ કાર્યવાહી કરેલ છે કે નહી તેની વિગતવાર લેખિત માહિતી આપવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૮૪૩, તા.૨૧/૬/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૯/૦૫/૧૪, આઈ.ડી. નં. ૫૮ ની અરજી અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૫૮ માં જણાવેલ તા.૯/૫/૧૪ ની અરજી બાબતેની માહિતી અંગે અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદર બાબતે કોઈ માહિતી ઉપલબ્ધ હોવાનું જણાતું નથી. તેમજ વધુમાં અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિશ્રામનગર સોસાયટી બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની નકલ નંગ–૦૭ નો ચાર્જ રૂા.૧૪/– સુરત મહાનગરપાલિકાનાં સીટી સિવીક સેન્ટર ખાતે

જમા કરાવ્યેથી મળી શકશે તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને પત્ર નં. વીઆઈડી/૬૭૦, તા.૫/૬/૧૪ થી પાઠવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૯/૦૫/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી પૂરી પાડેલ નથી તેમ જણાવી પ્રથમ અપીલ અરજી તા.૧૬/૬/૧૪ ના રોજ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી અન્વયે અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદર બાબતે કોઈ માહિતી ઉપલબ્ધ હોવાનું જણાતું નથી. વધુમાં અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિશ્રામનગર સોસાયટી બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની નકલ નંગ–૦૭ ના નકલ ચાર્જ રૂા.૧૪/– સુરત મહાનગરપાલિકાનાં સીટી સિવીક સેન્ટર ખાતે જમા કરાવ્યેથી મળી શકશે તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને પત્ર નં. વીઆઈડી/૬૭૦, તા.૫/૬/૧૪ થી પાઠવવામાં આવેલ છે. પરંતુ અરજદારે માહિતીની નકલ મેળવવા જરૂરી ચાર્જના નાણાં આજદિન સુધી જમા કરાવી માહિતી મેળવેલ નથી. જે જાણ માટે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯/૦૫/૧૪ ના રોજની નમૂના–ક અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે ખાતાને લાગત માહિતી અંગે ઉપલબ્ધ રેકર્ડ મુજબ જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ધ્વારા અરજદારશ્રીને આપવા જોગ માહિતી સમયમર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોય, અપીલ તબકકે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. વધુમાં અરજીમાં જણાવેલ વિશ્રામનગર સોસાયટી બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની નકલ નંગ–૦૭ ના નકલ ચાર્જના રૂા.૧૪/– સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૦૭–૨૦૧૪**

**સુરત મહાનગર પાલિકા**
**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ**

અપીલ અરજી નં. ડી/૨૮૪૩, તા.૨૬/૦૬/૧૪

**અરજદાર** – શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવારની અરજી (આઈ.ડી. નં. ૨૧૫, તા.૨/૦૫/૧૪) થી અમો અરજદારે મુદ્દા નં. ૨ સાઉથ ઝોન (ભેસ્તાન) માં ૧૮ મીટર પહોળાઈના વખારીયા રોડ અને સ્વપન સૃષ્ટિ રોડની હાલત મફતીયા ભાવથી કરાવવાથી મફતીયા ઈજારદાર ભવાની કન્સ્ટ્રકશનની કામગીરી રોડની કેવી છે ? જે અંગેની વીજીલન્સ ઈન્સ્પેકશન કરાવ્યા બાદની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ડી/૨૮૪૩, તા.૨૬/૦૬/૧૪

આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવારની અરજી (આઈ.ડી. નં. ૨૧૫, તા.૨/૦૫/૧૪) થી અમો અરજદારે મુદ્દા નં. ૨ સાઉથ ઝોન (ભેસ્તાન) માં ૧૮ મીટર પહોળાઈના વખારીયા રોડ અને સ્વપન સૃષ્ટિ રોડની હાલત મફતીયા ભાવથી કરાવવાથી મફતીયા ઈજારદાર ભવાની કન્સ્ટ્રકશનની કામગીરી રોડની કેવી છે ? જે અંગેની વીજીલન્સ ઈન્સ્પેકશન કરાવ્યા બાદની માહિતી આપવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૦૦૩, તા.૩/૦૭/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવાર, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૨/૦૫/૧૪, આઈ.ડી. નં. ૨૧૫ ની અરજી અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૨૧૫ માં જણાવેલ તા.૨/૫/૧૪ ની અરજી બાબતે અત્રેથી હાલમાં કરવામાં આવેલ કાર્યવાહીની નકલ પાના નંગ–૦૫ અરજદારને પત્ર નં. વીઆઈડી/૫૮૪, તા.૨૯/૫/૧૪ ના રોજ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૨/૦૫/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી પૂરી પાડેલ નથી તેમ જણાવી પ્રથમ અપીલ અરજી તા.૨૫/૬/૧૪ ના રોજ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી અન્વયે અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં અરજી બાબતે

અત્રેથી હાલમાં કરવામાં આવેલ કાર્યવાહીની નકલ પાના નંગ–૦૫ અરજદારને પત્ર નં. વીઆઈડી/૫૮૪, તા.૨૯/૫/૧૪ ના રોજ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે. જેથી અરજદારની પ્રથમ અપીલ તબકકે વધુ અન્ય કોઈ માહિતી આપવાની રહેતી નથી. સબબ અરજદારશ્રીની અરજી સંદર્ભે તપાસ કાર્યવાહી ચાલુ છે. જે સમગ્ર હકીકત ધ્યાને લઈ આ પૂર્તતા અહેવાલ અપીલના અનુસંધાને ધ્યાને લેવાં વિનંતી.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૦૫/૧૪ ની નમૂના–ક અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ના પત્ર નં. વીઆઈડી/૫૮૪, તા.૨૯/૦૫/૧૪ થી અરજદારશ્રીને સમયમર્યાદામાં માહિતી અંગેનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોય, તેમજ આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. માહિતી કે રેકર્ડ ઉત્પન્ન કરી માહિતી પૂરી પાડવા બાબતેની આપની રજુઆત આર.ટી.આઈ. કાયદા સાથે સુસંગત નથી. અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

પરંતુ આપશ્રીની અરજી અંગે અત્રેથી તપાસ કરી તે અંગેની કાર્યવાહી કરવા રીપોર્ટ ઉધના ઝોનમાં અત્રેનાં પત્ર નં. વીઆઈડી/૧૧૩૬, તા.૧૪/૭/૧૪ થી મોકલવામાં આવેલ છે. રીપોર્ટ સંદર્ભે કસુરવાર કર્મચારી સામે શિક્ષાત્મક પગલાં ભરવા અંગેની કાર્યવાહી ચાલુ હોય, રીપોર્ટની નકલ આર.ટી.આઈ. એકટની કલમ–૮(૧)(એચ) મુજબ આપી શકાય એમ નથી.

ઉપર જણાવેલ નિર્ણયથી આપને અસંતોષ જણાતો હોય, અરજદારશ્રી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર કચેરીને ૯૦ દિવસમાં બીજી અપીલ કરી શકો છો.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા.     –૦૭–૨૦૧૪**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | બહુજનહિતાય બહુજનસુખાય |

અપીલ અરજી નં. ડી/૨૨૦૩, તા.૭/૦૬/૧૪

**અરજદાર** – શ્રી સ્વપ્નીલ સોની

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સ્વપ્નીલ સોની ની અરજી (આઈ.ડી. નં. ૪૦, તા.૨/૦૫/૧૪) થી અરજદારે મુદ્દા નં. ૨૦ સુરત મ્યુ. કોર્પોરેશનના નગર વિકાસ અને ઈજનેર વિભાગમાં ફરજબજાવતાં વર્ગ–૧ થી વર્ગ–૩ ના અધિકારી/કર્મચારીઓની સામે ફરજ દરમ્યાન બેદરકારી, ગેરવર્તણૂંક, ઉચાપાત, ગેરશિસ્ત તથા આર્થિક અને કાયદાકીય નુકશાન પહોંચે તેવા ગુનાઓ બદલ કયા કયા કર્મચારી અને અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી, વીજીલન્સ તપાસ કે નોકરીમાંથી સસ્પેન્ડ કરવા તથા નીચલી પાયરીએ ઉતારવા કે દંડ કરવા અંગેની કાર્યવાહી ચાલી રહેલ છે ? તેઓને આપેલ શોકોઝ નોટીસ/ચાર્જશીટ અને આ કાર્યવાહી કયા તબકકે છે ? તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ડી/૨૨૦૩, તા.૭/૦૬/૧૪

આરટીઆઈ એકટ હેઠળ શ્રી સ્વપ્નીલ સોની ની અરજી (આઈ.ડી. નં. ૪૦, તા.૨/૦૫/૧૪) થી અરજદારે મુદ્દા નં. ૨૦ સુરત મ્યુ. કોર્પોરેશનના નગર વિકાસ અને ઈજનેર વિભાગમાં ફરજબજાવતાં વર્ગ–૧ થી વર્ગ–૩ ના અધિકારી/કર્મચારીઓની સામે ફરજ દરમ્યાન બેદરકારી, ગેરવર્તણૂંક, ઉચાપાત, ગેરશિસ્ત તથા આર્થિક અને કાયદાકીય નુકશાન પહોંચે તેવા ગુનાઓ બદલ કયા કયા કર્મચારી અને અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી, વીજીલન્સ તપાસ કે નોકરીમાંથી સસ્પેન્ડ કરવા તથા નીચલી પાયરીએ ઉતારવા કે દંડ કરવા અંગેની કાર્યવાહી ચાલી રહેલ છે ? તેઓને આપેલ શોકોઝ નોટીસ/ચાર્જશીટ અને આ કાર્યવાહી કયા તબકકે છે ? તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૧૫૪, તા.૧૬/૦૭/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી સ્વપ્નીલ સોની, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૨/૦૫/૧૪, આઈ.ડી. નં. ૪૦ ની અરજી અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૪૦ માં જણાવેલ તા.૨/૫/૧૪ ની લાગત અરજીના મુદ્દા નં. ૨૦ બાબતે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આ બાબતે ખાતા ધ્વારા કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું

નથી તેમજ વીજીલન્સ ખાતા ધ્વારા જવાબદાર કર્મચારીઓને નોટીસ/ચાર્જશીટ આપવામાં આવતી નથી. પરંતુ અત્રેના ખાતાના ઈન્કવાયરી રીપોર્ટના આધારે જે તે ઝોન/વિભાગ/ઈન્કવાયરી વિભાગ ધ્વારા જે તે કસુરવાર કર્મચારી સામે પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવાની રહે છે. જે અંગેનો પત્ર નં. વીઆઈડી/૫૮૩, તા.૨૯/૫/૧૪ થી સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૨/૦૫/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી પૂરી પાડેલ નથી તેમ જણાવી પ્રથમ અપીલ અરજી તા.૭/૬/૧૪ ના રોજ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી અન્વયે અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આ બાબતે કોઈ માહિતી હોવાનું જણાતું નથી. વીજીલન્સ ખાતા ધ્વારા જવાબદાર કર્મચારીઓને નોટીસ/ચાર્જશીટ આપવામાં આવતી નથી. પરંતુ અત્રેના ખાતાના રીપોર્ટના આધારે જે તે ઝોન/વિભાગ/ઈન્કવાયરી/મહેકમ વિભાગ ધ્વારા કસુરવાર કર્મચારી સામે પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવાની રહે છે. જે અંગેનો પત્ર નં. વીઆઈડી/૫૮૩, તા.૨૯/૫/૧૪ થી સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે. જેથી અરજદારની પ્રથમ અપીલ તબકકે કોઈ માહિતી આપવાની રહેતી નથી. જે સમગ્ર હકીકત ધ્યાને લઈ આ પૂર્તતા અહેવાલ અપીલના અનુસંધાને ધ્યાને લેવાં વિનંતી.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૦૫/૧૪ ની નમૂના—ક અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ના પત્ર નં. વીઆઈડી/૫૮૩, તા.૨૯/૦૫/૧૪ થી અરજદારશ્રીને અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ હોય, અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપર જણાવેલ નિર્ણયથી આપને અસંતોષ જણાતો હોય, અરજદારશ્રી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર કચેરીને ૯૦ દિવસમાં બીજી અપીલ કરી શકો છો.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. —૦૭—૨૦૧૪**

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |
|---|---|---|

અપીલ અરજી નં. ડી/૨૫૮૦, તા.૧૯/૦૬/૧૪

**અરજદાર** – શ્રી દેવરાજભાઈ નાગજીભાઈ ધામેલીયા

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દેવરાજભાઈ નાગજીભાઈ ધામેલીયાની અરજી (આઈ.ડી. નં. ૭૦, તા.૧૭/૦૫/૧૪) થી અરજદારે મુદ્દા નં. ૮ અને ૧૦ અન્વયે મોજે ગામ કતારગામ, તાલુકા સીટી, જીલ્લો સુરતના સર્વે નં. ૩૫/૨ જેનો ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ) અન્વયે ફા.પ્લોટ નં. ૨૩ આપવામાં આવેલ છે. એ જમીન ઉપર થઈ રહેલા ભોંયતળીયું + ૪ માળના એપાર્ટમેન્ટ. સદર ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી કરાવી હોય અથવા તો કોઈએ અગાઉ ફરીયાદ કરેલ હોય, તે સંદર્ભે કોઈ કાર્યવાહી કરેલ કે કરાવેલ હોય તો તે અંગેની સંપૂર્ણ માહિતી તથા નોર્થ ઝોન કતારગામના શહેર વિકાસ વિભાગના કોઈ અધિકારી કે કર્મચારીઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરી કે કરાવેલ હોય અથવા તો એવી કાર્યવાહી કરવાની ભલામણ જે તે સક્ષમ સત્તાધિકારી સમક્ષ પણ કરી હોય, તે અંગેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ડી/૨૫૮૦, તા.૧૯/૦૬/૧૪

આરટીઆઈ એકટ હેઠળ શ્રી દેવરાજભાઈ નાગજીભાઈ ધામેલીયાની અરજી (આઈ.ડી. નં. ૭૦, તા.૧૭/૦૫/૧૪) થી અરજદારે મુદ્દા નં. ૮ અને ૧૦ અન્વયે મોજે ગામ કતારગામ, તાલુકા સીટી, જીલ્લો સુરતના સર્વે નં. ૩૫/૨ જેનો ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ) અન્વયે ફા.પ્લોટ નં. ૨૩ આપવામાં આવેલ છે. એ જમીન ઉપર થઈ રહેલા ભોંયતળીયું + ૪ માળના એપાર્ટમેન્ટ. સદર ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી કરાવી હોય અથવા તો કોઈએ અગાઉ ફરીયાદ કરેલ હોય, તે સંદર્ભે કોઈ કાર્યવાહી કરેલ કે કરાવેલ હોય તો તે અંગેની સંપૂર્ણ માહિતી તથા નોર્થ ઝોન કતારગામના શહેર વિકાસ વિભાગના કોઈ અધિકારી કે કર્મચારીઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરી કે કરાવેલ હોય અથવા તો એવી કાર્યવાહી કરવાની ભલામણ જે તે સક્ષમ સત્તાધિકારી સમક્ષ પણ કરી હોય, તે અંગેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૧૧૫, તા.૧૧/૦૭/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ

વિભાગ ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી દેવરાજભાઈ નાગજીભાઈ ધામેલીયા, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૧૭/૦૫/૧૪, આઈ.ડી. નં. ૭૦ ની અરજી અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૭૦ માં જણાવેલ તા.૧૭/૫/૧૪ ની અરજી બાબતે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આ બાબતે કોઈ માહિતી હોવાનું જણાયેલ નથી. જે અંગેનો પત્ર નં. વીઆઈડી/૭૬૬, તા.૧૨/૬/૧૪ થી પોસ્ટ ખાતા ધ્વારા રજી. એ.ડી. થી સમયમર્યાદામાં પત્ર પાઠવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૧૭/૦૫/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી પૂરી પાડેલ નથી તેમ જણાવી પ્રથમ અપીલ અરજી તા.૧૯/૬/૧૪ ના રોજ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી અન્વયે અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આ બાબતે કોઈ માહિતી હોવાનું જણાયેલ નથી. જે અંગેનો પત્ર નં. વીઆઈડી/૭૬૬, તા.૧૨/૬/૧૪ થી સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે. જેથી અરજદારની પ્રથમ અપીલ તબકકે વધુ અન્ય કોઈ માહિતી આપવાની રહેતી નથી.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭/૦૫/૧૪ ની નમૂના—ક અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ના પત્ર નં. વીઆઈડી/૭૬૬, તા.૧૨/૦૬/૧૪ થી અરજદારશ્રીને અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ હોય, અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારશ્રીની અપીલ અરજીમાં કયા જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડી અને કયા જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડેલ નથી તે જણાવેલ નથી. આથી જાહેર માહિતી અધિકારીને અરજદારશ્રીને ફરીથી માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે.

ઉપર જણાવેલ નિર્ણયથી આપને અસંતોષ જણાતો હોય, અરજદારશ્રી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર કચેરીને ૯૦ દિવસમાં બીજી અપીલ કરી શકો છો.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. —૦૭—૨૦૧૪**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |

અપીલ અરજી નં. ૭૬૦, તા.૧૬/૦૭/૧૪

**અરજદાર** – શ્રી મો. રફીક અબ્દુલ રહેમાન હોટલવાલા

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મો. રફીક અબ્દુલ રહેમાન હોટલવાલાની અરજી (આઈ.ડી. નં. ૬૨૧, તા.૨૦/૦૬/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં વોર્ડ નં. ૩, નોંધ નં. ૨૯૭૯/અ/૧/અ/૧/બ/૧ ના કબ્જેદારે આવવા જવાના જાહેર રસ્તાની ઉપર પહેલો માળનો અમલો ગેરકાયદેસર તથા જર્જરીત જોખમી જાનહાની તથા રસ્તાની વચ્ચે ઓટલો તથા દુકાન ગેરકાયદેસર રીતે બનાવેલ છે તેને દૂર કરવા કાયદેસરની કાર્યવાહી કરવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ૭૬૦, તા.૧૬/૦૭/૧૪

આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મો. રફીક અબ્દુલ રહેમાન હોટલવાલાની અરજી (આઈ.ડી. નં. ૬૨૧, તા.૨૦/૦૬/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં વોર્ડ નં. ૩, નોંધ નં. ૨૯૭૯/અ/૧/અ/૧/બ/૧ ના કબ્જેદારે આવવા જવાના જાહેર રસ્તાની ઉપર પહેલો માળનો અમલો ગેરકાયદેસર તથા જર્જરીત જોખમી જાનહાની તથા રસ્તાની વચ્ચે ઓટલો તથા દુકાન ગેરકાયદેસર રીતે બનાવેલ છે તેને દૂર કરવા કાયદેસરની કાર્યવાહી કરવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૧૮૩, તા.૧૮/૭/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. અરજદારશ્રીને તા.૨૩/૭/૧૪ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. જેમાં અરજદારે જણાવેલ ઓટલો દૂર કરવા આજદિન સુધી કેમ અમલ થયો નથી તથા આપ સાહેબ અને કમિશ્નરનો હુકમ થયો હોવા છતાં પણ કયારે દૂર કરવામાં આવશે તેની માહિતી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી મો. રફીક અબ્દુલ રહેમાન હોટલવાલા, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૨૦/૦૬/૧૪, આઈ.ડી. નં. ૬૨૧ ની અરજી અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૬૨૧ માં જણાવેલ તા.૨૦/૬/૧૪ ની લાગત અરજીમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની નકલ નંગ–૦૪ નો ચાર્જ રૂ.૦૮/– સુરત મહાનગરપાલિકાનાં સીટી

સિવીક સેન્ટર ખાતે જમા કરાવ્યેથી મળી શકશે તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને પત્ર નં. વીઆઈડી/૧૦૨૯, તા.૪/૭/૧૪ થી પાઠવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૨૦/૦૬/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી પૂરી પાડેલ નથી તેમ જણાવી પ્રથમ અપીલ અરજી તા.૧૬/૭/૧૪ ના રોજ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી અન્વયે અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં બાંધકામ બાબતે અત્રેથી કરવામાં આવેલ કાર્યવાહીની નકલ નંગ–૦૪ ના નકલ ચાર્જ રૂા.૦૮/– સુરત મહાનગરપાલિકાનાં સીટી સિવીક સેન્ટર ખાતે જમા કરાવ્યેથી મળી શકશે તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને પત્ર નં. વીઆઈડી/૧૦૨૯, તા.૪/૭/૧૪ થી પાઠવવામાં આવેલ છે. અરજદારે તા.૭/૭/૧૪ ના રોજ નકલ ચાર્જના રૂા.૮/– સેન્ટ્રલ ઝોન, સીવીક સેન્ટર ખાતે ભરેલ છે. અત્રેથી પત્ર નં. વીઆઈડી/૧૧૧૩, તા.૧૦/૭/૧૪ થી નકલ નંગ–૦૪ સમયમર્યાદામાં મોકલવામાં આવેલ છે. જેથી અરજદારની પ્રથમ અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, જે સમગ્ર હકીકત ધ્યાને લઈ આ પૂર્તતા અહેવાલ અપીલના અનુસંધાને ધ્યાને લેવાં વિનંતી છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦/૦૬/૧૪ ના રોજની નમૂના–ક અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે ખાતાને લાગત માહિતી અંગે ઉપલબ્ધ રેકર્ડ મુજબ જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ધ્વારા અરજદારશ્રીને આપવા જોગ માહિતી સમયમર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોય, અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આપશ્રી ધ્વારા સંદર્ભની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીમાં સાથે જોડેલા પુરાવા અન્વયે તપાસ કરવાં જણાવેલ છે. જે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) ના વ્યાપની બહાર છે. જે જાણમાં લેશો.

ઉપર જણાવેલ નિર્ણયથી આપને અસંતોષ જણાતો હોય, અરજદારશ્રી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર કચેરીને ૯૦ દિવસમાં બીજી અપીલ કરી શકો છો.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૦૮–૨૦૧૪**

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |
|---|---|---|

અપીલ અરજી નં. એસએમસી/એફએપી/૯૭, તા.૨૩/૦૭/૧૪

**અરજદાર** – શ્રી જગદીશભાઈ ડાહયાભાઈ પટેલ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી જગદીશભાઈ ડાહયાભાઈ પટેલની અરજી (આઈ.ડી. નં. ૪૩૪, તા.૨૮/૦૫/૧૪) અન્વયે અરજદારશ્રી ધ્વારા સુરત શહેરના મોજે ગામ–સીંગણપોર, સીટી સર્વે નં. ૨૨/૧૨૬, ટેના નં. ૧૯–સી–૦૧–૧૪૬૧–૦–૦૦૧ થી નોંધાયેલ મિલ્કત બાબતે કતારગામ ઝોનના આકારણી વિભાગના કર્મચારીઓ ધ્વારા સને–૨૦૦૭ માં બિલ્ડર જયંતિભાઈ કેસુભાઈ સાકરીયા સાથે મેળાપીપણામાં અન્ય વ્યકિતનું નામ ચઢાવી દીધેલ છે. જે બાબતમાં અત્રેના વિભાગ ધ્વારા તપાસ કરી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. એસએમસી/એફએપી/૯૭, તા.૨૩/૦૭/૧૪

આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી જગદીશભાઈ ડાહયાભાઈ પટેલની અરજી (આઈ.ડી. નં. ૪૩૪, તા.૨૮/૦૫/૧૪) અન્વયે અરજદારશ્રી ધ્વારા સુરત શહેરના મોજે ગામ–સીંગણપોર, સીટી સર્વે નં. ૨૨/૧૨૬, ટેના નં. ૧૯–સી–૦૧–૧૪૬૧–૦–૦૦૧ થી નોંધાયેલ મિલ્કત બાબતે કતારગામ ઝોનના આકારણી વિભાગના કર્મચારીઓ ધ્વારા સને–૨૦૦૭ માં બિલ્ડર જયંતિભાઈ કેસુભાઈ સાકરીયા સાથે મેળાપીપણામાં અન્ય વ્યકિતનું નામ ચઢાવી દીધેલ છે. જે બાબતમાં અત્રેના વિભાગ ધ્વારા તપાસ કરી માહિતી આપવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૩૬૧, તા.૨/૦૮/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. અરજદારશ્રીએ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી જગદીશભાઈ ડાહયાભાઈ પટેલ, ૧૨૭/૧, તાપી ફળીયું, માહયાવંશી મહોલ્લો, સીંગણપોર ગામ, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૨૮/૫/૧૪, આઈ.ડી. નં. ૪૩૪ (સેન્ટ્રલ ઝોન) ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેનટ્રલ ઝોન) તરફથી તબદીલ થઈ અત્રેના વિભાગને તા.૩૧/૫/૧૪ ના રોજ મળેલ છે. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સુરત શહેરના મોજે ગામ–સીંગણપોર, સીટી સર્વે નં. ૨૨/૧૨૬, ટેના નં. ૧૯–સી–૦૧–૧૪૬૧–૦–૦૦૧ થી નોંધાયેલ મિલ્કત બાબતે કતારગામ ઝોનના આકારણી વિભાગના કર્મચારીઓ ધ્વારા સને–૨૦૦૭ માં બિલ્ડર જયંતિભાઈ કેસુભાઈ સાકરીયા સાથે

મેળાપીપણામાં અન્ય વ્યકિતનું નામ ચઢાવી દીધેલ છે. જે બાબતમાં અત્રેના વિભાગ ધ્વારા તપાસ કરી માહિતી આપવા જણાવેલ છે.

ઉપરોકત બાબતે હકીકત એ છે કે, આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ હોવાથી અરજદાર ધ્વારા સંદર્ભની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીમાં સાથે જોડેલ પુરાવા અન્વયે તપાસ કરવા જણાવેલ છે, જે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) ના વ્યાપની બહાર છે. તે મુજબનો અરજદારને સમયમર્યાદામાં અત્રેની કચેરીના પત્ર નં. વીઆઈડી/૮૭૯, તા.૨૪/૬/૧૪ થી પ્રત્યુત્તર આર.પી.એ.ડી. પોસ્ટથી પાઠવવામાં આવેલ છે. સદર પત્ર અનડીલીવર્ડ અત્રેની કચેરીને પરત મળ્યો છે. દરમ્યાનમાં અરજદાર ધ્વારા અત્રેની ઓફીસમાં રૂબરૂ સંપર્ક કરતાં સદર માહિતીની નકલ અરજદારને હાથોહાથ આપવામાં આવેલ છે. જે નકલ અરજદાર ધ્વારા અપીલની અરજી સાથે સામેલ કરવામાં આવી છે. અરજદારશ્રી ધ્વારા નારાજગીનું કોઈ પણ કારણ દર્શાવ્યા વગર અપીલ અરજી કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત વિગતે અરજદારની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમયમર્યાદામાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ ની જોગવાઈઓને આધિન સ્પષ્ટ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. સદર બાબતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોવાથી આ પૂર્તતા અહેવાલ અપીલના અનુસંધાને ધ્યાનમાં લેવા વિનંતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮/૦૫/૧૪ ના રોજની નમૂના–ક અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી ધ્વારા અરજદારશ્રીને આપવા જોગ માહિતી સમયમર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર ધ્વારા અપીલ અરજીમાં નારાજગીનું કારણ પણ જણાવેલ નથી. અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આપશ્રી ધ્વારા સંદર્ભની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીમાં સાથે જોડેલા પુરાવા અન્વયે તપાસ કરવાં જણાવેલ છે. જે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) ના વ્યાપની બહાર છે. જે જાણમાં લેશો.

ઉપર જણાવેલ નિર્ણયથી આપને અસંતોષ જણાતો હોય, અરજદારશ્રી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર કચેરીને ૯૦ દિવસમાં બીજી અપીલ કરી શકો છો.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૦૮–૨૦૧૪**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |

અપીલ અરજી નં. ડી/૪૩૮૫, તા.૦૬/૦૮/૧૪

**અરજદાર** – શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની અરજી (આઈ.ડી. નં. ૧૮૧, તા.૦૩/૦૭/૧૪) થી અમો અરજદારે તારીખ ૧ લી જુલાઈ અને ૨ જી જુલાઈ ૨૦૧૪ ના રોજ અત્રેના સ્થાનીક સમાચાર પત્ર દૈનિક સંદેશમાં અહેવાલ મુજબ સુરત મહાનગરપાલિકાના વરાછા મેઈન રોડ પર આવેલ તાપી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના ત્રણ પ્લોટ ભેગાં કરી ચાર માળનું ગેરકાયદેસર શોપીંગ સેન્ટર બનાવવા બાબતે તથા શહેરના પાંડેસરા ઉધના વિસ્તારમાં થયેલ પાણી કૌભાંડ તથા કોસાડ આવાસ કૌભાંડ બાબતે કોઈએ ફરીયાદ કરી હોય, જે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય, તે અંગેની સંપૂર્ણ દસ્તાવેજી માહિતી આપવા બાબત

નોર્થ ઝોન તથા સેન્ટ્રલ ઝોન, વરાછા ઝોનના શહેર વિકાસ વિભાગના કોઈ અધિકારી અને કર્મચારીઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરી કે કરવાની ભલામણ જે તે સક્ષમ સત્તાધિકારી સમક્ષ પણ કરી હોય તે અંગેની સંપૂર્ણ માહિતીની પ્રમાણિત નકલ આપવા બાબત

પાંડેસરા જી.આઈ.ડી.સી. માં પાણીની મુખ્ય લાઈનથી પાણી પૂરું પાડવાના કૌભાંડના મૂળ સુધી પહોંચવા કમિશ્નરશ્રીએ ઈજનેરોની જવાબદારી ફીક્ષ કરવા માટે વીજીલન્સ ડિપાર્ટમેન્ટ ધ્વારા તપાસ કરાવવામાં કરેલ હુકમની પ્રમાણિત નકલો આપવા બાબત

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ડી/૪૩૮૫, તા.૦૬/૦૮/૧૪

આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની અરજી (આઈ.ડી. નં. ૧૮૧, તા.૦૩/૦૭/૧૪) થી અમો અરજદારે તારીખ ૧ લી જુલાઈ અને ૨ જી જુલાઈ ૨૦૧૪ ના રોજ અત્રેના સ્થાનીક સમાચાર પત્ર દૈનિક સંદેશમાં અહેવાલ મુજબ સુરત મહાનગરપાલિકાના વરાછા મેઈન રોડ પર આવેલ તાપી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના ત્રણ પ્લોટ ભેગાં કરી ચાર માળનું ગેરકાયદેસર શોપીંગ સેન્ટર બનાવવા બાબતે તથા શહેરના પાંડેસરા ઉધના વિસ્તારમાં થયેલ પાણી કૌભાંડ તથા કોસાડ આવાસ કૌભાંડ બાબતે કોઈએ ફરીયાદ કરી હોય, જે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય, તે અંગેની સંપૂર્ણ દસ્તાવેજી માહિતી આપવા બાબત

નોર્થ ઝોન તથા સેન્ટ્રલ ઝોન, વરાછા ઝોનના શહેર વિકાસ વિભાગના કોઈ અધિકારી અને કર્મચારીઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરી કે કરવાની ભલામણ જે તે સક્ષમ સત્તાધિકારી સમક્ષ પણ કરી હોય તે અંગેની સંપૂર્ણ માહિતીની પ્રમાણિત નકલ આપવા બાબત

પાંડેસરા જી.આઈ.ડી.સી. માં પાણીની મુખ્ય લાઈનથી પાણી પૂરું પાડવાના કૌભાંડના મૂળ સુધી પહોંચવા કમિશ્નરશ્રીએ ઈજનેરોની જવાબદારી ફીક્ષ કરવા માટે વીજીલન્સ ડિપાર્ટમેન્ટ ધ્વારા તપાસ કરાવવામાં કરેલ હુકમની પ્રમાણિત નકલો આપવા બાબત

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૪૮૦, તા.૧૩/૦૮/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગને અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૩/૦૭/૧૪, આઈ.ડી. નં. ૧૮૧ ની અરજી અત્રેના વિભાગને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) તરફથી તા.૧/૮/૧૪ ના રોજ (૨૭ દિવસ બાદ) તબદીલ કરવામાં આવેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૧૮૧ માં જણાવેલ તા.૩/૦૭/૧૪ ની અરજીના લાગત મુદ્દા નં. ૧૦, ૧૨ તથા ૧૯ અનુક્રમે તાપી ઈન્ડસ્ટ્રીઝ, કોસાડ આવાસ તથા પાંડેસરાના પાણી કૌભાંડ બાબતે વીજીલન્સ વિભાગમાંથી જે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તે અંગેની સંપૂર્ણ દસ્તાવેજી માહિતી માંગેલ, જે અન્વયે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અંગેની માહિતી એકત્રીત કરવામાં સમય લાગતો હોય, અરજદારને સમયમર્યાદામાં માહિતી પૂરી પાડી શકાયેલ નથી.

અરજદારને તા.૩/૦૭/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી ન મળવાથી પ્રથમ અપીલ અરજી તા.૬/૦૮/૧૪ ના રોજ કરેલ છે. અરજદાર ધ્વારા નમૂના–ક અરજી તા.૩/૭/૧૪ ના રોજ કરવામાં આવેલ. પરંતુ મધ્યસ્થ કચેરીમાંથી તા.૧/૮/૧૪ ના રોજ અત્રે તબદીલ કરવામાં આવેલ. જેથી માહિતી આપવા અંગેનો ૩૦ દિવસની નિયત સમયમર્યાદા પૂર્ણ થવાના ત્રણ દિવસ બાકી હોય તેમજ અરજદારે તાપી ઈન્ડસ્ટ્રીઝનું ગેરકાયદેસર બાંધકામ, કોસાડ આવાસ તથા પાંડેસરા ઉધના વિસ્તારમાં થયેલ પાણી કૌભાંડ બાબતે વીજીલન્સ વિભાગમાંથી જે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તે અંગેની સંપૂર્ણ દસ્તાવેજી માહિતી માંગેલ હોય, ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અંગેની માહિતી એકત્રીત કરવામાં સમય લાગતો હોય, અરજદારને માહિતી સમયમર્યાદામાં પૂરી પાડી શકાયેલ નથી. જેથી અરજદારની પ્રથમ અપીલ તબકકે અત્રેના વિભાગમાંથી થયેલ કાર્યવાહીની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૂરી પાડવા જોગ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૩/૦૭/૧૪ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી ન મળતાં, પ્રથમ અપીલ અરજી તા.૦૬/૦૮/૧૪ ના રોજ કરવામાં આવેલ છે. અરજદારશ્રીની નમૂના–'ક' અરજી આઈ.ડી. નં. ૧૮૧ અત્રેના વિભાગને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) તરફથી તા.૦૧/૦૮/૧૪ ના રોજ એટલે કે ૨૮ દિવસ બાદ તબદીલ કરવામાં આવતાં જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર (ટેકનીકલ) ને માહિતી એકત્રિત કરવામાં સમય લાગતાં સમયસર માહિતી પૂરી પાડી શકાયેલ ન હોય, જેથી ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારશ્રીને ખાતાને લાગત મુદ્દા નં. ૧૦ અને ૧૨ અંગેની માહિતી પૂરી પાડવી. મુદ્દા નં. ૧૯ બાબતે અત્રેથી તપાસ અંગેની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. કર્મચારીની જવાબદારી અંગે કોઈ આખરી નિર્ણય થયેલ નથી. બંને કેસોના આખરી નિર્ણય પછી આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ જરૂરી માહિતી વિના મૂલ્યે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ને જણાવવામાં આવે છે.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૦૯–૨૦૧૪**

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |
|---|---|---|

અપીલ અરજી નં. એપી/૬૮૫, તા.૦૧/૦૮/૧૪

**અરજદાર** – શ્રી ભાગ્યેશ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (રેવન્યુ) (વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ભાગ્યેશ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની અરજી (આઈ.ડી. નં. ૫૨૦, તા.૦૯/૦૬/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં જાન્યુ.–૨૦૦૮ થી તા.૧૫/૦૬/૧૪ સુધીની અમારી વિરૂધ્ધ રાજેશ જયંતિભાઈ પટેલ તેમજ પિયુષ ઠાકોરભાઈ પટેલ નામના વ્યકિત ધ્વારા કરવામાં આવેલ તમામ ફરીયાદની કોપી આપવી અને તે ફરીયાદના સંદર્ભમાં કરવામાં આવેલ તમામ કાર્યવાહીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. એપી/૬૮૫, તા.૦૧/૦૮/૧૪

આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ભાગ્યેશ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની અરજી (આઈ.ડી. નં. ૫૨૦, તા.૦૯/૦૬/૧૪) થી અમો અરજદારે નમૂના–'ક' અરજીમાં જાન્યુ.–૨૦૦૮ થી તા.૧૫/૦૬/૧૪ સુધીની અમારી વિરૂધ્ધ રાજેશ જયંતિભાઈ પટેલ તેમજ પિયુષ ઠાકોરભાઈ પટેલ નામના વ્યકિત ધ્વારા કરવામાં આવેલ તમામ ફરીયાદની કોપી આપવી અને તે ફરીયાદના સંદર્ભમાં કરવામાં આવેલ તમામ કાર્યવાહીની નકલ આપવા બાબત.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૫૦૮, તા.૧૬/૦૮/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (રેવન્યુ), વીજીલન્સ વિભાગ ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી ભાગ્યેશ પ્રફુલચંદ્ર ઘીવાળા, રહે. ૨૧,ન્યુ ગોકુલ રો–હાઉસ, હનીપાર્ક રોડ, સુરત તરફથી આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી. નં. ૫૨૦, તા.૦૯/૦૬/૧૪ અનુસંધાને તા.૦૧/૦૮/૧૪ ના રોજ અપીલ કરેલ છે. અરજદારની ઉકત અપીલ જે આઈ.ડી. નં. ૫૨૦, તા.૦૯/૦૬/૧૪ ની અરજી અનુસંધાને અત્રેના વિભાગ તરફથી જવાબ મળેલ નથી ના પ્રતિભાવથી કરવામાં આવી છે. તે મૂળ અરજી અત્રેના વિભાગને મળી નથી. જેથી અત્રેના વિભાગના પત્ર નં. વીઆઈડી/૧૩૭૪, તા.૦૫/૦૮/૧૪ થી અરજદારને જાણ કરવામાં આવી છે કે તેઓશ્રી ધ્વારા નમુનો–'ક' હેઠળ કરવામાં આવેલ અરજી અત્રેના વિભાગને મળેલ ન હોય, તેઓશ્રીની અપીલ સંદર્ભે અત્રેથી કાર્યવાહી કરવાની રહેતી નથી.

અત્રેના વિભાગના ઉકત જવાબ સંદર્ભે અરજદારશ્રી ધ્વારા અત્રેના ઈનવર્ડ નં. એપી/૬૮૫, તા.૧૩/૦૮/૧૪ થી તેઓની મૂળ નમૂનો–'ક' ની અરજી સંદર્ભેની પ્રથમ અપીલ અરજી અન્વયે માંગ્યા મુજબ માહિતી આપવા જણાવેલ છે. જે બાબતે જણાવવાનું કે, અરજદારશ્રીની નમૂનો – 'ક' મુજબની મુળ અરજી અત્રેના વિભાગને મળેલ નથી. તે સંજોગોમાં અરજદારની અપીલ અરજી બાબતે અત્રેથી

કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જે બાબતની જાણ અરજદારને કરવામાં આવી જ છે. એમ પૂર્તતા રીપોર્ટમાં જણાવેલ છે.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૯/૦૬/૧૪ ના રોજની નમૂના–ક અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતની અરજી અત્રેના ખાતાને મળેલ નથી. જેથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાં અરજદાર ધ્વારા તા.૧૩/૦૮/૧૪ નાં રોજ અપીલ અરજી સાથે નમૂનો–ક રજુ કરેલ હોય, અરજીમાં જણાવેલ વિગત જોતાં અરજદાર ધ્વારા તેમની વિરૂધ્ધ રાજેશ જયંતિભાઈ પટેલ તેમજ પિયુષ ઠાકોરભાઈ પટેલ નામના વ્યકિત ધ્વારા કરવામાં આવેલ તમામ ફરિયાદની કોપી માંગવામાં આવેલ છે. જે સંદર્ભે આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ ની કલમ – ૮(૧)(જ) મુજબ માહિતી આપનારનો સ્ત્રોત કે ઓળખ જાહેર થતી હોય, તેવી માહિતી આપવા અપવાદ હેઠળ હોય, ફરિયાદ અરજીની નકલો આપી શકાય તેમ નથી. પરંતુ ફરીયાદના સંદર્ભમાં કરવામાં આવેલ કાર્યવાહીની નકલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (રેવન્યુ) એ અરજદારશ્રીને વિના મૂલ્યે પૂરી પાડવા જણાવવામાં આવે છે.

ઉપર જણાવેલ નિર્ણયથી આપને અસંતોષ જણાતો હોય, અરજદારશ્રી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર કચેરીને ૯૦ દિવસમાં બીજી અપીલ કરી શકો છો.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૦૯–૨૦૧૪**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા**<br>**વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ** | |

Vibrant GUJARAT 11-13 Jan 2015 The Global Business Hub!

અપીલ અરજી નં. ડી/૫૭૬૩,
તા.૧૫/૦૯/૧૪

**અરજદાર** – શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

**ફરિયાદની હકીકત :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવારની અરજી (આઈ.ડી. નં. ૨૦૯, તા.૧૪/૦૭/૧૪) થી અમો અરજદારે મુદ્દા નં. ૨ એસ.એમ.સી.ના ચીફ ફાયર ઓફીસર શ્રી પંકજ પટેલને સસ્પેન્ડેડ નહી પરંતુ ડાયરેકટ એસ.એમ.સી.ના મે.કમિશ્નરશ્રી એમ.કે.દાસ તા.૧૮/૦૬/૧૪ ના રોજ અપ્રાણિકતા, ફરજચૂક, નોકરીમાં અનિયમિતતા શિસ્તભંગ જેવા ગુના અને ડીસમીસ કરેલ, જેથી હવે તેમને કોર્ટ ન્યાયાલયમાંથી મંજુરી મેળવવાનો દાવો એસ.એમ.સી.ના નવનિયુકત મે.કમિશ્નરશ્રીએ કરવાનો હોય, જે ન કરી ડે.મેયર, સ્થા.સમિતિના ચેરમેન અને લાઈટ અને ફાયર કમિટિના ચેરમેન સસ્પેન્ડેડ આવા જ એસ.એમ.સી.ના અન્ય અધિકારીઓ / કર્મચારીઓને પણ સાંભળી ડીસમીસને સસ્પેન્ડેડ જણાવી એ ખોટો ચીલો એસ.એમ.સી.માં બનાવવો જોઈએ નહી. ડીસમીસ એટલે ડીસમીસ જ ગણાય અને તેનો એસ.એમ.સી. આવવાનો રસ્તો ફકત ન્યાયાલય આપી શકે. આવી ત્રણ સભ્યોની સમિતિ નિર્ણય કરી શકે નહી અને જો કરશે તો તેમને પાછા એસ.એમ.સી.ની ફરજમાં લાવવાથી ફાયદો નહી અને ગુન્હા જોવું અને આ નિર્ણય કમિશ્નરશ્રી એમ. કે. દાસની ડીસમીસની દરખાસ્તને (સ્થા.સમિતિના અધ્યક્ષશ્રી) રાજેશભાઈ દેસાઈએ હિંમત ભરેલ નિર્ણયને તમારી અંદર અંદરની લડાઈને લીધે સ્થા.સમિતિના અધ્યક્ષશ્રીના નિર્ણયને પડકારવા પડે છે. શ્રી પંકજ પટેલને જ પાછા લાવવા પાછળની પારદર્શિતા અને યોગ્યસરતા અંગેના આધાર પુરાવાની માહિતી આપવા તેમજ નમૂના–ક માં દર્શાવેલ બીજા ત્રણ મુદ્દા બાબત

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ નં. ડી/૫૭૬૩, તા.૧૫/૦૯/૧૪

આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવારની અરજી (આઈ.ડી. નં. ૨૦૯, તા.૧૪/૦૭/૧૪) થી અમો અરજદારની નમૂના–ક અરજીના મુદ્દા નં. ૨, ૩, ૪, ૫ બાબત

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૯૫૦, તા.૨૩/૦૯/૧૪ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવાર, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ

તા.૧૪/૦૭/૧૪, આઈ.ડી. નં. ૨૦૯ ની અરજી આર.ટી.આઈ./સેક્રેટરી/સા.સ./આઉટ/૨૦૧૪/૧૮, તા.૦૬/૦૮/૧૪ થી અત્રેના ખાતાને તબદીલ કરવામાં આવેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં. ૨૦૯ તા.૧૪/૦૭/૧૪ ની અરજીમાં જણાવેલ મુદ્દાઓનો ઝીણવટભર્યો અભ્યાસ કરતાં અરજીમાં જણાવેલ મુદ્દાઓ અત્રેના ખાતાને સ્પર્શતા હોવાનું જણાયેલ નથી. જે બાબતની માહિતી દર્શાવતો પ્રત્યુત્તર પત્ર નં. વીઆઈડી/૧૪૪૫, તા.૨૧/૮/૧૪ થી અરજદારને સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૧૪/૦૭/૧૪ ની અરજી અંગેની માંગણી મુજબની માહિતી પૂરી પાડેલ નથી તેમ જણાવી પ્રથમ અપીલ અરજી તા.૧૫/૦૯/૧૪ ના રોજ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી અન્વયે અરજીનો ઝીણવટભર્યો અભ્યાસ કરતાં અરજીમાં જણાવેલ મુદ્દાઓ અત્રેના ખાતાને સ્પર્શતા હોવાનું જણાયેલ નથી. જે અંગેનો પ્રત્યુત્તર પત્ર નં. વીઆઈડી/૧૪૪૫, તા.૨૧/૦૮/૧૪ થી સમયમર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ છે. જેથી અરજદારની પ્રથમ અપીલ તબકકે કોઈ માહિતી આપવાની રહેતી નથી. વધુમાં અરજદારે કરેલ પ્રથમ અપીલ અરજી નં. ડી/૫૭૬૩, તા.૧૫/૦૯/૧૪ માં જણાવેલ મુદ્દા તથા નમૂના–'ક' માં માંગેલ માહિતીમાં વિસંગતતા જણાય છે. અપીલ અરજીમાં ભાવનાત્મક વિવરણ કરી પોતાના દિલની વ્યથા અરજી ધ્વારા રજુ કરતો હોવાનો આભાસ થાય છે. અરજદાર સમજી શકાય તેવા સુવાચ્ય અક્ષરમાં પોતાની રજુઆત કરવાની રહે છે. પરંતુ તેમ ન કરતાં જે વિચાર આવે તે મુજબની રજુઆત કરતાં હોય છે. જેથી માહિતી આપવામાં તકલીફ પડે છે અને સમયસર અરજદારને માહિતી પૂરી પાડી શકાતી નથી.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪/૦૭/૧૪ ની નમૂના–ક અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ના પત્ર નં. વીઆઈડી/૧૪૪૫, તા.૧૧/૦૮/૧૪ થી સમયમર્યાદામાં માહિતી આપવામાં આવેલ છે. અરજીમાં જણાવેલ મુદ્દાઓનો અભ્યાસ કરતાં અત્રેના ખાતાને સ્પર્શતા ન હોય, અરજી સંદર્ભે કોઈ માહિતી આપવાની જણાતી નથી. જેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપર જણાવેલ નિર્ણયથી આપને અસંતોષ જણાતો હોય, અરજદારશ્રી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર કચેરીને ૯૦ દિવસમાં બીજી અપીલ કરી શકો છો.

**(બી.જે.શેઠ)**
**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. —૧૦—૨૦૧૪**

